શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે સૌ આગળ વધે

ગુજરાત કાઉન્સિલ ઓફ એલીમેન્ટરી એજયુકેશન
સ્ટેટ પ્રોજેકટ કચેરી,
સર્વ શિક્ષા અભિયાન, સેકટર–૧૭, ગાંધીનગર.
ફેકસ નંબર : ૦૭૯–૨૩૨૩૨૪૩૬
E-mail : gecell@gmail.com
Tollfree No. : 1800 233 7965

પત્રક્માંક નં.: એસએસએ/૨૦૧૩/ ૧૩૪૦૧-૪૩૬ તા.૩૦/૩/૨૦૧૩

પ્રતિ,
જિલ્લા પ્રોજેકટ કો.ઓર્ડિનેટર અને
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી
જિલ્લા : તમામ.
શાસનાધિકારીશ્રી : અમદાવાદ,વડોદરા,સુરત,રાજકોટ.

**વિષય : ગુણોત્સવ–૪(વર્ષ ૨૦૧૨–૧૩)ની કામગીરી બાબત.**

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, વર્ષ ૨૦૦૯થી રાજયમાં ગુણવત્તા અભિવૃધ્ધિ માટે ગુણોત્સવ કાર્યક્રમનું આયોજન કરવામાં આવી રહયુ છે. સામાન્ય રીતે આ કાર્યક્રમ અત્યાર સુધી સ્વમૂલ્યાંકન અને બાહય મૂલ્યાંકન એમ બે તબકકામાં કરવામાં આવે છે. ચાલુ વર્ષે ગુણોત્સવ કાર્યક્રમ સ્વમૂલ્યાંકનના એક જ તબકકામાં નીચે મુજબ યોજવાનું નકકી થયેલ છે.

**૧. શાળાઓ :** જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ સંચાલિત પ્રાથમિક શાળાઓ, નગર શિક્ષણ સમિતિ સંચાલિત પ્રાથમિક શાળાઓ, આશ્રમ શાળાઓ, ખાનગી ગ્રાન્ટેટ પ્રાથમિક શાળાઓ અને સ્વૈચ્છિક રીતે જોડાતી જિલ્લાદીઠ ૪ થી ૫ ખાનગી નોન ગ્રાન્ટેટ પ્રાથમિક શાળાઓમાં **તા.૧૨/૪/૧૩ના રોજ સવારે ૭:૦૦ થી ૧૨:૩૦ કલાક દરમ્યાન** ગુણોત્સવ કાર્યક્રમ સ્વમૂલ્યાંકનની રીતે યોજવો.

**૨. મૂલ્યાંકન :** ધોરણ ૨ થી ૮ માટે સાક્ષરી વિષયોનો ગુણભાર ૬૦% અને સહઅભ્યાસિક પ્રવૃત્તિઓનો ગુણભાર ૨૦% તેમજ ભૌતિક સુવિધાઓની ઉપયોગીતા અને કોમ્યુનિટી પાર્ટીસીપેશનનો ગુણભાર ૨૦% રહેશે.

**૨.૧ સાક્ષરી વિષયોનું મૂલ્યાંકન :** ધોરણ ૨ થી ૫માં તમામ વિદ્યાર્થીઓનું વાચન–લેખન અને ગણન કૌશલ્યનું સિધ્ધિ સ્તર જાણવું તથા ધોરણ ૬ થી ૮માં ગુજરાતી, અંગ્રેજી, હિન્દી, સંસ્કૃત, ગણિત, વિજ્ઞાન અને ટેકનોલોજી અને સામાજિક વિજ્ઞાન વિષયના જે–તે ધોરણના બીજા સત્ર આધારીત લર્નીંગ આઉટકમ ચકાસવા.

**૨.૧.૧ ધોરણ ૨ થી ૫** માટે ગુણોત્સવ–૩ દરમ્યાન અપાયેલ શાળા કક્ષાના વાચન–લેખન અને ગણન સાહિત્ય, અર્લીરીડર, શાળા પુસ્તકાલયના પુસ્તકો તથા પાઠયપુસ્તકોનો ઉપયોગ કરીને જે–તે વર્ગશિક્ષકે તમામ બાળકોને ૦ થી ૧૦ ગુણનું ગુણાંકન કરવું. આ માટે શાળાના વર્ગદીઠ રાજય કક્ષાએથી ઓએમઆર બેઝડ ગુણાંકન પત્રક(વિદ્યાર્થી મૂલ્યાંકન પત્રક) આપવામાં આવશે. તા.૧૨/૪/૨૦૧૩ના રોજ ૭.૪૫થી ૮.૦૦ કલાક દરમ્યાન તમામ બાળકોનો લેખન ટેસ્ટ, ૮:૦૦ થી ૮:૩૦ કલાક દરમ્યાન તમામ બાળકોનો ગણન ટેસ્ટ અને ૮:૩૦ થી ૯:૪૦ દરમ્યાન તમામ બાળકોનો વાચન ટેસ્ટ કરવો.

**૨.૧.૨ ધોરણ ૬ થી ૮** માટે ૮૦ ગુણની ઓએમઆર બેઝડ કસોટી તા.૧૨/૪/૧૩ના રોજ ૮:૦૦ થી ૯:૪૦ કલાકે(૧૦૦ મિનિટ) લેવી. આ માટેના ઓએમઆર બેઝડ પ્રશ્નપત્ર તા.૧૦/૪/૧૩ સુધી શાળામાં પહોંચતા કરવામાં આવશે. ધોરણ ૬, ૭, ૮ની પ્રશ્નપત્ર બેગ ૭.૪૫ કલાકે ખોલતી વખતે અને ૯.૪૦ કલાકે કસોટી પૂર્ણ થયે બેગ સીલ કર્યા બાદ બેગ ઉપર મુખ્ય શિક્ષક સાથે એસએમસીના અધ્યક્ષશ્રીની સહી લેવી.

**૨.૧.૩ શિક્ષકો અને વિદ્યાર્થીઓની હાજરી :** શાળાઓમાં તા.૧૨/૪/૧૩ના રોજ મહત્તમ સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહે તેમજ અનિવાર્ય સંજોગો સિવાય શિક્ષકો રજા ઉપર ન રહે તે માટે શાળાઓને સુચનાઓ આપવી .

**૨.૨ સહઅભ્યાસિક પ્રવૃત્તિ, ભૌતિક સુવિધાઓની ઉપયોગીતા અને કોમ્યુનિટી પાર્ટીસીપેશનનું મૂલ્યાંકન :** શાળા સ્વમૂલ્યાંકન પત્રકમાં મુખ્ય શિક્ષકશ્રી અને એસએમસી સભ્યો ધ્વારા માર્ગદર્શિકા મુજબ ઓએમઆર બેઝડ શાળા સ્વમૂલ્યાંકન પત્રક ૧૦.૩૦ થી ૧૧.૩૦ દરમ્યાન ભરવું. આ શાળા સ્વમૂલ્યાંકન પત્રક શાળાને તા.૧૦/૪/૧૩ સુધી શાળામાં પહોંચતી કરવામાં આવશે.

૨.૨.૧ દરેક શાળાની શાળા વ્યવસ્થાપન સમિતિ(એસએમસી)ના તમામ સભ્યો તા.૧૨/૪/૧૩ના રોજ શાળા

http://vinodpateltalodgam.blogspot.in

સહઅભ્યાસિક પ્રવૃત્તિ, ભૌતિક સુવિધાઓની ઉપયોગીતા અને કોમ્યુનિટી પાર્ટીસીપેશનનું ગુણાંકન મુખ્ય શિક્ષક અને શિક્ષકોની સાથે રહી કરે.

આ માટે નીચે મુજબની કાર્યવાહી આપની કક્ષાએથી સત્વરે કરાવશો.

૧. શાળાઓને ગુણોત્સવ માટે વિગતવાર માર્ગદર્શન અને પ્રોત્સાહન આપવું.

૨. આ સ્વમૂલ્યાંકન શાળા અને વિદ્યાર્થીઓના શૈક્ષણિક અભિવૃધ્ધિ માટે હોઈ તમામ શિક્ષકો અને મુખ્ય શિક્ષકો ખુબ જ તટસ્થતાથી મૂલ્યાકંન કરે તે માટે જણાવવું.

૩. ગુણોત્સવ કાર્યક્રમના દિવસે તમામ બાળકો શાળામાં ઉપસ્થિત રહે તે સુનિશ્ચિત કરાવવું.

૪. ગુણોત્સવ સાહિત્ય અંગે પૂરતી સમજ આપવી.

૫. વિદ્યાર્થીઓના પ્રશ્નપત્રોનું સાહિત્ય શાળામાં યોગ્ય જગ્યાએ કસ્ટડીમાં રાખવામાં આવે અને કોઈપણ સંજોગોમાં તા.૧૨/૪/૧૩ના રોજ ૭:૩૦ કલાક પહેલા તેની ગોપનીયતા જળવાઈ રહે તે માટે જવાબદારી સુનિશ્ચિત કરાવવી.

૬. તા.૧૨/૪/૧૩ના રોજ સીઆરસી કો.ઓર્ડિનેટરને પોતાના કલસ્ટર સિવાયના કલસ્ટરમાં, બીઆરસી કો.ઓર્ડિનેટર અને બ્લોક રિસોર્સ પર્સનને પોતાના બ્લોકમાં, કેળવણી નિરીક્ષકને તેમની બીટમાં, તાલુકા કેળવણી નિરીક્ષકને તેમના તાલુકામાં, ડાયટ લેકચરરને સંબંધિત લીયેઝન બ્લોકમાં, જિલ્લા એસએસએ સ્ટાફને જિલ્લામાં હેન્ડ હોલ્ડીંગ માટે મહત્તમ શાળાઓમાં જઈ શકે તે માટેનું આયોજન જિલ્લા કક્ષાએથી કરવાનું રહેશે.

૭.૧ રાજય પરીક્ષા બોર્ડ ધ્વારા જિલ્લા ખાતે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીને તા.૭/૪/૧૩ના રોજ ૧૭.૦૦ કલાક સુધીમાં ગુણોત્સવ સાહિત્ય પહોંચાડવામાં આવશે. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી આ સાહિત્યને સ્ટ્રોન્ગ રૂમમાં સાચવવું.રાજય પરીક્ષા બોર્ડ કન્ટ્રોલરૂમનો ટોલ ફ્રી નંબર–૧૮૦૦ ૨૩૩૭૯૬૩ છે.

૭.૨ તા.૮/૪/૧૩ના રોજ જિલ્લા કક્ષાએથી તાલુકા કેળવણી નિરીક્ષક/બીઆરસી કો.ઓર્ડિનેટર મારફતે સવારે ૯.૦૦ કલાકેથી બ્લોક માટે રવાના કરશે. સંબંધિત બ્લોકમાં આ સાહિત્ય યોગ્ય કસ્ટડીમાં સીલ કરવું.

૭.૩ તા.૯/૪/૧૩ના રોજ બ્લોક કક્ષાએથી સીઆરસી કો.ઓર્ડિનેટરને તેઓના કલસ્ટરની શાળાઓનું સાહિત્ય પાવતીથી આપવું. સંબંધિત સીઆરસી કો.ઓર્ડિનેટર આ સાહિત્ય તેમની કસ્ટડીમાં સીલ કરે.

૭.૪ તા.૧૦/૪/૧૩ના રોજ સીઆરસી કો.ઓર્ડિનેટર કલસ્ટરના મુખ્ય શિક્ષકોને સવારે ૮.૦૦ કલાકે ગુણોત્સવ સાહિત્ય પાવતીથી આપે અને જે તે મુખ્ય શિક્ષકને તે જ દિવસે ૧૨.૦૦ વાગ્યા પહેલા શાળાની કસ્ટડીમાં સીલ કરાવે.

૭.૫ તા.૧૨/૪/૧૩ના રોજ મુખ્ય શિક્ષક એક એસએમસી સભ્ય અને એક શિક્ષકની હાજરીમાં રોજકામ કરીને ૭.૩૦ કલાકે કસ્ટડીમાંથી સાહિત્ય બહાર કાઢશે.

૭.૬ મુખ્ય શિક્ષક આ સાહિત્ય :

1. ધોરણ ૨ થી ૫ના વર્ગશિક્ષકોને વાચન–લેખન–ગણન માટેનું જે તે વર્ગના વિદ્યાર્થીઓના નામજોગ બનેલા <u>'વિદ્યાર્થી મૂલ્યાંકન પત્રક'</u> આપશે અને તેમાં ગુણાંકન કરવા જણાવશે. જે–તે ધોરણમાં એક કરતાં વધારે વર્ગ હોય ત્યારે વિદ્યાર્થીઓના નામ વાંચીને જે–તે વર્ગશિક્ષકને વિદ્યાર્થી મૂલ્યાંકન પત્રક આપવું. જે વિદ્યાર્થીનું નામ કોઈપણ પત્રકમાં ન હોય તેનુ વર્ગ શિક્ષકે વિદ્યાર્થી મૂલ્યાંકન પત્રકમાં છેલ્લા વિદ્યાર્થી પછી નામ લખવુ અને ગુણાંકન કરવું.
2. ધોરણ ૬ થી ૮ના વર્ગશિક્ષકોને જે–તે ધોરણના ઓએમઆર બેઝડ પ્રશ્નપત્રો આપવા. જે–તે ધોરણમાં એક કરતાં વધારે વર્ગ હોય ત્યારે વિદ્યાર્થીઓના નામ વાંચીને જે–તે વર્ગશિક્ષકને વિદ્યાર્થી મૂલ્યાંકન પત્રક આપવું. આ પ્રશ્નપત્રમાં જ વાદળી/કાળી પેનથી વિદ્યાર્થીઓ ટીક(√) કરશે. ૯.૪૦ કલાકે આ પ્રશ્નપત્ર પૂર્ણ કરીને જે–તે વર્ગની બેગમાં જ પેક કરવા.(ઉ.દા. : ધોરણ ૬ અ, ૬ બ, ૬ ક......ધોરણ ૭....)
3. ઓએમઆર બેઝડ તમામ સાહિત્યને સ્ટેપલ ન કરવુ, વાળવુ નહિ, છેકછાક ન કરવુ.
4. સહઅભ્યાસિક પ્રવૃત્તિ, ભૌતિક સુવિધાઓની ઉપયોગીતા અને કોમ્યુનિટી પાર્ટીસીપેશનનું મૂલ્યાંકન માટેનું ઓઅમેઆર પત્રક એસએમસી સભ્યો અને શાળાના તમામ સ્ટાફની હાજરીમાં એક બેઠક કરીને ૧૦.૩૦ થી ૧૧.૦૦ કલાક દરમ્યાન શાળાએ કરેલ પ્રવૃત્તિઓને આધારે તટસ્થતા પૂર્વક ભરવું.
5. આ સાહિત્ય પૈકી સમગ્ર ગુણોત્સવ કાર્યક્રમ માટે શાળા સ્વમૂલ્યાંકન માર્ગદર્શિકા મળશે. જેનું સ્ટાફે તથા એસએમસી સભ્યોએ વાચન કરવું.
6. ઉપરોકત ક્રમ 1,2,3નું સાહિત્ય જે–તે કામગીરી પૂર્ણ થયે જે–તે બેગમાં પેક કરવું અને તા.૧૨/૪/૧૩ના રોજ ૧૭.૦૦ કલાક પહેલા જે–તે સીઆરસી પર જમા કરાવવું.

૭.૭ સીઆરસી કો.ઓ.એ તમામ સાહિત્ય યોગ્ય રીતે કસ્ટડીમાં પેક કરીને સાચવવું અને તા.૧૩/૪/૧૩ના રોજ બીઆરસી પર ૧૧.૦૦ કલાકે જમા કરાવવું.

૭.૮ બીઆરસી કો.ઓ.એ બ્લોકનું તમામ સાહિત્ય તા.૧૩/૪/૧૩ના રોજ જિલ્લા કક્ષાએ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી જણાવે ત્યાં ૧૭.૦૦ કલાક સુધીમાં જમા કરાવવું.

૭.૯ રાજય પરીક્ષા બોર્ડ જે–તે જિલ્લામાંથી તા.૧૪/૪/૧૩ના રોજ સવારે ૯.૦૦ થી ૧૨.૦૦ કલાક દરમ્યાન તમામ સાહિત્યને પાવતીથી મેળવી લેશે.

૭.૧૦ ગુણોત્સવ સાહિત્યને દરેક તબકકે સંબંધિતોએ યોગ્ય કસ્ટડીમાં સીલબંધ મુકવુ તથા જણાવેલ સમયે રોજકામ કરીને કસ્ટડી સીલ ખોલવું. આ સમગ્ર પ્રક્રીયામાં સાહિત્ય પહોંચાડતી વખતે તેમજ પરત મેળવતી વખતે તમામ સંબંધિતોએ તેની ગોપનીયતા જળવાય તે માટે અત્યંત કાળજી લેવાની રહેશે. દરેક તબકકે જણાવેલ સમય અને તારીખ પહેલા કે પછી વિતરણ કરવું નહી.

૭.૧૧ ગુણોત્સવ–૪ માટે અત્રેથી તમામ બીઆરસી કો.ઓ.ને સ્વમૂલ્યાંકન માર્ગદર્શિકાનો ઈ–મેઈલ કરવામાં આવેલ છે. સીઆરસી કો.ઓ. મારફત આ માર્ગદર્શિકા તા.૧/૪/૧૩ સુધીમાં તમામ શાળાઓને પહોંચતી કરવી.

૭.૧૨ તા.૯/૪/૧૩ના રોજ સવારે ૯.૦૦ થી ૧૧.૦૦ કલાક દરમ્યાન ગુણોત્સવ માટે માર્ગદર્શન અર્થે બાયસેગ સ્ટુડીયો ખાતેથી તાલીમ આપવામાં આવનાર છે. આ તાલીમમાં માન.શિક્ષણમંત્રીશ્રીનું પ્રેરક ઉદબોધન અને માર્ગદર્શન મળનાર છે. બાયસેગ કનેકટીવીટી ધરાવતી તમામ શાળાઓના શિક્ષકોએ તથા એસએમસી સભ્યોએ પોતાની શાળામાં, જે શાળામાં બાયસેગ પ્રસારણની સુવિધા નથી તે શાળાના મુખ્ય શિક્ષક અને એક શિક્ષકે કલસ્ટર કક્ષાએ તાલીમ લેવી.

૭.૧૩ બે પાળી ધરાવતી શાળાઓમાં ધોરણ ૬ થી ૮ના બાળકોની લેખિત કસોટી સવારે ૮.૦૦ થી ૯.૪૦ કલાક દરમ્યાન લેવાની રહેશે. બાકીના વર્ગો માટે સ્થાનિક પરિસ્થિતિ અનુસાર નિર્ણય કરવો.

૭.૧૪ સ્વૈચ્છિક રીતે ગુણોત્સવમાં જોડાનાર ખાનગી નોનગ્રાન્ટેડ શાળાઓની વિગત(શાળાનું નામ, ધોરણ, વર્ગો, વર્ગદીઠ બાળકોની સંખ્યા અને વર્ગ ભણાવનાર વર્ગશિક્ષકનું નામ) તા.૧/૪/૧૩ સુધીમાં નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણને મોકલી આપવી. આ શાળાઓના મુખ્ય શિક્ષકો તા.૯/૪/૧૩ના રોજની ટેલિકોન્ફરન્સ નિહાળે તેમજ તેઓને સ્વમૂલ્યાંકન માર્ગદર્શિકા પૂરી પાડવાની વ્યવસ્થા કરવી.

૭.૧૫ પ્રજ્ઞાવર્ગોમાં ધોરણ ૨ થી ૪માં સામાન્ય વર્ગોની જેમ જ વાચન–લેખન અને ગણનનું ગુણાંકન કરવું.

૭.૧૬ માયગ્રેશન થઈને આવેલા બાળકો માટે વધારાની ઓએમઆરનો ઉપયોગ કરવો અને તેની વિગત મેન્યુઅલી દર્શાવવી.

આર.સી.રાવલ
નિયામક,
પ્રાથમિક શિક્ષણ,ગુજરાત રાજય

મનોજ અગ્રવાલ (IAS)
સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટર,
સર્વ શિક્ષા અભિયાન,ગુજરાત

**સવિનય નકલ રવાના જાણ સારૂ :**
— માન.અગ્રસચિવશ્રી, શિક્ષણ, બ્લોક નં.૫/૭મો માળ, સચિવાલય, ગાંધીનગર.
— માન.અગ્રસચિવશ્રી, પ્રાથમિક શિક્ષણ, બ્લોક નં.૫/૮મો માળ, સચિવાલય, ગાંધીનગર.

**નકલ રવાના જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ :**
— નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, બ્લોક નં.૧૨/૧લો માળ, જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
— નિયામકશ્રી, જીસીઈઆરટી, સેકટર–૧૨, ગાંધીનગર.
— ચેરમેનશ્રી, રાજય પરીક્ષા બોર્ડ, સેકટર–૨૧, ગાંધીનગર.
— જનરલ મેનેજરશ્રી, ઈન્ડેક્ષ્ટબી, ઉદ્યોગ ભવન, સેકટર–૧૧, ગાંધીનગર.

http://vinodpateltalodgam.blogspot.in